# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 19-06-20296** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: FRIDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે નવી દિલ્હીથી દેશમાં PM વિકસિત ભારત રોજગાર યોજના હેઠળ બે હજાર 400 કરોડ રૂપિયાની પ્રોત્સાહન રકમનું વિતરણ.

2) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, પ્રધાનમંત્રીએ દેશમાં આઈટી ક્ષેત્રના વિકાસને વેગ આપવા STPIને 2 અને 3 સ્તરના શહેરોમાં વિસ્તૃત કર્યું

3) કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગુજરાતમાં ચિત્તાના વસવાટ અંગે કેન્દ્ર સરકાર વિચાર કરી રહી છે.

4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન છેલ્લા નાણાકીય વર્ષમાં 1 લાખ 78 હજાર કરોડ રૂપિયાથી વધુ થયું.

5) સ્વિટ્ઝર્લૅન્ડ મુલાકાતમાં વિલંબ બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાટાઘાટોનો નવો તબક્કો સ્થગિત

6) બેડમિન્ટનમાં, ભારતની અસ્મિતા ચલિહાએ ચીનમાં મકાઉ ઓપનની મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પહોંચ્યા.

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# REV EVE - PM – VBRY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં એક સમારોહમાં પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (PM-VBRY) હેઠળ બે હજાર ૪૦૦ કરોડ રૂપિયાના પ્રોત્સાહનોનું વિતરણ કર્યું. આ પ્રોત્સાહનથી દેશભરમાં ૧૫ લાખ રોજગારની તકોનું નિર્માણ થયું છે. આ તકે પ્રધાનમંત્રીએ કહ્યું કે આવનારા વર્ષોમાં ભારતના યુવાનો વૈશ્વિક વિકાસ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને આગળ ધપાવવામાં મોખરે રહેશે.

## (BYTE- PM-YOUTH)

શ્રી મોદીએ કહ્યું કે PM વિકાસ ભારત રોજગાર યોજના પહેલી વાર કામ કરતા કર્મચારીઓને સશક્ત બનાવવા અને યુવાનો અને ઉદ્યોગ વચ્ચે સેતુ બનાવવા વિશે છે. તેમણે ઉમેર્યું કે લગભગ 20 લાખ યુવાનોએ તેમની નવી નોકરીમાં છ મહિના પૂર્ણ કર્યા છે, અને તેમાંથી 10 લાખ લોકોને યોજનાના લાભાર્થી તરીકે પ્રોત્સાહનો મળ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે લગભગ 2હજાર કરોડ રૂપિયા સીધા તેમના ખાતામાં જમા થયા છે.

# PREZ – MP

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત વર્ષ 2047 ના રાષ્ટ્રીય લક્ષ્યાંક પહેલા સિકલ સેલ રોગને નાબૂદ કરી દેશે. તેમણે આ આનુવંશિક રક્ત વિકૃતિ વિશે જાગૃતિ લાવવા માટે સંકલિત પ્રયાસો કરવા હાકલ કરી,. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે વિશ્વ સિકલ સેલ દિવસ નિમિત્તે મધ્યપ્રદેશના ઓમકારેશ્વરમાં આયોજિત રાજ્ય સ્તરીય કાર્યક્રમને સબોધતા રાષ્ટ્રપતિ તમામ રાજ્ય સરકારો અને અધિકારીઓને અપીલ કરી કે તેઓ આ રોગને હળવાશથી ન લે, કારણ કે તે એક પેઢીથી બીજી પેઢીમાં ફેલાય છે. તેમણે કહ્યું કે તેને સંપૂર્ણપણે નાબૂદ કરવા પ્રયાસો કરવા જોઈએ.

આ કાર્યક્રમ દરમિયાન, રાષ્ટ્રપતિએ સિકલ સેલ એનિમિયા નાબૂદી માટેના રાષ્ટ્રીય મિશન 2047 હેઠળ સ્થાપિત એક વિશેષ પ્રદર્શનની મુલાકાત લીધી. તેમાં  સિકલ સેલ રોગના નિવારણ, નિદાન અને સારવાર સંબંધિત વિવિધ પહેલો દર્શાવવામાં આવી હતી.

# ASHWINI VAISHNAV-BIHAR

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં આઈટી ક્ષેત્રના વિકાસને વેગ આપવા સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયા (STPI) ને 2 અને 3 સ્તરના શહેરોમાં વિસ્તૃત કર્યું છે. STPI પટના ખાતે, શ્રી વૈષ્ણવે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો સાથે મળીને રાજ્યના આઈટી ક્ષેત્રના વિકાસ પર ચર્ચાઓ યોજાઈ હતી.

## (બાઈટ – અશ્વિની વૈષ્ણવ)

આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ ઉત્સાહીઓ પાસેથી સૂચનો મંગાવાયા. શ્રી વૈષ્ણવે બિહારમાં આઈટી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના પ્રયાસની પણ પ્રશંસા કરી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સરકારી સંસ્થાઓ, ઉદ્યોગ હિસ્સેદારો અને સ્ટાર્ટઅપ્સ વચ્ચે સતત સહયોગ રાજ્યમાં નવીનતા, રોકાણ અને રોજગાર માટે નવી તકોનું સર્જન કરશે.

# BHUPENDRA YADAV VIKSIT BHARAT

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ગત 12 વર્ષમાં દેશ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ પર આધારિત શાસન મોડેલ તરફ આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ કાર્યકાળની ઉજવણી નિમિત્તે ગુજરાતનાં ગાંધીનગરમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલનને સંબોધતા શ્રી યાદવે કહ્યું, સરકારની આ સિદ્ધિઓએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત તરફની સફર માટે મજબૂત પાયો નાખ્યો છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ભારત હવે વિશ્વની ચોથું સૌથી મોટું અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું છે અને વૈશ્વિક આર્થિક મંદી વચ્ચે પણ ભારતે સ્થિતિસ્થાપક વૃદ્ધિ દર જાળવી રાખ્યો છે. રાષ્ટ્રીય સ્વનિર્ભરતાનો ઉલ્લેખ કરતા શ્રી સંઘવીએ કહ્યું, ભારત એક આયાતકારમાંથી સંરક્ષણ શસ્ત્રોના મુખ્ય નિકાસકાર બન્યું છે. તેમણે માળખાકીય સુવિધાઓના વિકાસની અભૂતપૂર્વ પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

# SHAH - FINGERPRINT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે  હવે સમય આવી ગયો છે કે દેશના દરેક નાગરિક માટે બંધારણ દ્વારા ખાતરી આપવામાં આવેલા અધિકારોનો આનંદ માણવા માટે ફોજદારી ન્યાય પ્રણાલીને યોગ્ય માધ્યમ બનાવવામાં આવે. નવી દિલ્હીમાં આયોજિત 26મી અખિલ ભારતીય ફિંગરપ્રિન્ટ પરિષદ-2026ને સંબોધતા તેમણે કહ્યું કે દેશની સિસ્ટમ પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે અને સમકાલીન જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેને વ્યવસ્થિત રીતે અપડેટ કરવામાં આવી છે.

રાષ્ટ્રીય સ્વયં સંચાલિત ફિંગરપ્રીન્ટ ઓળખ પ્રણાલી-NAFIS વિશે બોલતા ગૃહ મંત્રીએ તપાસ અને કાર્યવાહીથી લઈને અંતિમ સજા સુધી, કાનૂની પ્રક્રિયાના દરેક તબક્કામાં ટેકનોલોજીને અસરકારક રીતે એકીકૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

**(BYTE – AMIT SHAH – CRIMINAL)**

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# DEFENCE- RAJNATHSINH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન 2014 માં 46 હજાર કરોડ રૂપિયાથી વધીને છેલ્લા નાણાકીય વર્ષમાં 1 લાખ 78 હજાર કરોડ રૂપિયાથી વધુ નોંધાયું છે. શ્રી સિંહ આજે બપોરે નાગપુરના અંબાઝારીમાં યંત્ર ઇન્ડિયા લિમિટેડની ઓર્ડનન્સ ફેક્ટરીમાં અત્યાધુનિક 10 હજાર ટનના એલ્યુમિનિયમ એક્સટ્રુઝન પ્રેસનો શિલાન્યાસ કર્યા પછી બોલી રહ્યા હતા.

## (BYTE – RAJNATHSINH)

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે પ્રસ્તાવિત એલ્યુમિનિયમ એક્સટ્રુઝન પ્રેસ દ્વારા ઉત્પાદિત ઘટકોનો ઉપયોગ ફક્ત સંરક્ષણ સાધનોમાં જ નહીં પરંતુ રેલ્વે, ઇસરો અને ડીઆરડીઓ જેવા સંગઠનો દ્વારા ઉપયોગમાં લેવાતા મશીનરીમાં પણ થશે.

# USA – IRAN

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સની સ્વિટ્ઝર્લૅન્ડ મુલાકાતમાં વિલંબ બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાટાઘાટોનો નવો તબક્કો સ્થગિત કરાયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ કાર્યાલયે લોજિસ્ટિકલ પડકારો અને આ ફેરફાર માટે અનિશ્ચિત સમયપત્રકનો ઉલ્લેખ કર્યો છે. સ્વિસ વિદેશ મંત્રાલયે જણાવ્યું કે અમેરિકા, ઈરાન, કતાર અને પાકિસ્તાન વચ્ચે આજે યોજાનારી વાટાઘાટો મુલતવી રાખવામાં આવી છે. એક ઈરાની અધિકારીએ પુષ્ટિ આપી હતી કે ઈરાની પ્રતિનિધિઓ વાટાઘાટો માટે સ્વિટ્ઝર્લૅન્ડ ગયા ન હતા.

પ્રદેશમાં વધતા તણાવ વચ્ચે વાટાઘાટો મુલતવી રાખવામાં આવી છે. ઇઝરાયલે ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહ પર નવા હુમલા શરૂ કર્યા છે. લેબનીઝ અધિકારીઓએ આપેલ અહેવાલ મુજબ ઇઝરાયલી હુમલામાં 18 લોકો માર્યા ગયા છે. દરમિયાન, ઇઝરાયલે કહ્યું હતું કે સંઘર્ષ શરૂ થયો ત્યારથી હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા ઘાતક હુમલામાં તેના ચાર સૈનિકો માર્યા ગયા છે.

# MACAU OPEN - BADMINTON

બેડમિન્ટનમાં, ભારતના અસ્મિતા ચલિહાએ આજે ચીનમાં મકાઉ ઓપનની મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. અસ્મિતાએ ક્વાર્ટર ફાઇનલમાં દક્ષિણ કોરિયાના કિમ મીન સુન સામે 21-16, 21-18 થી વિજય મેળવ્યો. આવતીકાલે સેમિફાઇનલમાં છે તેનો મુકાબલો દક્ષિણ કોરિયાના પાર્ક ગા-યુન સામે થશે. અગાઉ, અસ્મિતાએ અમેરિકાના ઇશિકા જયસ્વાલને 22-20, 21-15 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. દરમિયાન, ભારતના અનમોલ ખાર્બ ક્વાર્ટર ફાઇનલમાં ચીનના હાન કિઆનક્સી સામે 14-21, 21-15, 21-13 થી હારી જતાં ટુર્નામેન્ટમાંથી બહાર થયા છે.